અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજાક/૧૩૦૬/ન.બા.૧૦/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૧-૨-૨૦૦૯

**વંચાણે લીધા :-**

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧-૧૦-૮૭ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૮૭-મુમ-૧૨૪૭-જ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪-૧૦-૯૯ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.-૧૬-ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪-૩-૦૭ નો ઠરાવ ક્રમાંક : અજાક-૧૩૦૬-ન.બા.૧૦-ગ.

## ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે વાર્ષિક ૪ ટકાના દરે લોન આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમમાં આપવામાં આવતી સબસીડીની જોગવાઈ રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી નાણાકીય લોનમાં ૫૦ ટકા રકમ સબસીડી તરીકે ફેરવવાની જોગવાઈ કરવામાં આવેલ હતી તે જોગવાઈ આથી પુખ્ત વિચારણાને અંતે રદ કરવામાં આવે છે. અન્ય શરતો યથાવત રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા.૧૦-૧૨-૦૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**
**(શ્રીમતી એસ. આર. ભૂરીયા)**
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.